# ખાદ્ય તેલના ભાવોને અંકુશમાં લેવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ

ગાંધીનગર, તા. ૫

સમગ્ર દેશમાં તમામ વસ્તુઓના ભાવ વધી રહ્યા છે. તેની સાથો સાથ ખાદ્યતેલના પણ ભાવ વધી રહ્યા છે. કેન્દ્ર સરકાની ભાવ નિરંકુશ કરવાની કુનિતિને કારણે દેશની પ્રજા મોંઘવારીના સકંજામાં સપડાઇ છે. ત્યારે રાજ્યમાં ખાદ્યતેલના ભાવો ને અંકુશમાં રાખવા રાજ્ય સરકાર પ્રતિબધ્ધ છે. મુખ્યમંત્રીશ્રી, નરેન્દ્રભાઇ મોદીના સીધામાર્ગદર્શન હેઠળ રાજ્યમાં ખાદ્યતેલના ભાવો ને નિયંત્રણમાં રાખવા માટે રાજ્ય સરકારે વેપારીઓ મિલરો તેલીબીયાનો સંગ્રહ ન કરી શકે તે માટે ખાદ્યતેલના જથ્થા ઉપર સ્ટોકલીમીટ દાખલ કરવાનો નિર્ણય કર્યો છે. એમ અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી, નરોત્તમભાઇ પટેલે જણાવ્યું છે.

મંત્રીશ્રી પટેલે ઉમેર્યું હતું કે, કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં કપાસ ઉપર નિકાસબંધી દાખલ કરી છે. જેના પરિણામે ગુજરાતના ખેડુતોને બહુ મોટું નુકશાન થઇ રહ્યું છે. કપાસની નિકાસબંધીને કારણે કપાસનું જીનીંગ અને પિલાણ ઘટ્યું છે. જેના કારણે ભાવ વધારો થઇ રહ્યો છે. ખાદ્યતેલના ભાવ વધારાને અંકુશમાં રાખવા માટે જે સ્ટોક લીમીટ દાખલ કરાઇ છે. તદ્અનુસાર તેલીબીયાના જથ્થાબંધ વેપારીઓ ૨૦૦૦ ક્વીંટલ અને છુટક વેપારીઓ ૧૦૦ ક્વીંટલ સંગ્રહ કરી શકશે. તે જ રીતે મિલરો કાચો માલ વાર્ષિક જરૂરીયાતનો ૧/૬ઠ્ઠો ભાગ એટલે કે ૨ માસ જેટલો જથ્થો અને પાકો માલ ખાદ્યતેલ વાર્ષિક જરૂરીયાતના ૧/૧૨ એટલે કે ૧ માસ નો જથ્થો સંગ્રહ કરી શકશે. તે જ રીતે તેલના વેપારીઓ છુટક વેપારી ૪૫ ક્વીંટલ એટલે કે ૩૦૦ ડબા અને જથ્થાબંધ વેપારીઓ ૬૦૦ ક્વીંટલ એટલે કે ૪૦૦૦ ડબાનો સંગ્રહ કરી શકશે. રાજ્યમાં કાળાબજારીયાઓને અંકુશમાં લેવા માટે પણ રાજ્ય સરકારે સઘન આયોજન કર્યું છે. ભાવોને અંકુશમાં લેવા માટે કાળાબજાર કરતા તેલીયા રાજાઓ ઉપર પી.બી.એમ. એક્ટ હેઠળ પણ કડક કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે માટે રાજ્ય સરકાર સહેજ પણ પાછી પાની નહીં કરે. સ્ટોક લીમીટ અન્વયે ખેડુતોને પોતાના સ્થાન ઉપર તેલીબીયાનો જથ્થો રાખી શકશે. તેના ઉપર કોઇપણ પ્રકારનો બાન રખાયો નથી.

મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, વધતી જતી મોંઘવારીની રાજ્યના ગરીબો ઉપર અસર ન થાય તે માટે રાજ્ય સરકારે ૧૨૦૦૦ મે.ટન પામોલીન તેલનો જથ્થો પ્રોક્યુર કરવાનું નક્કી કર્યુ છે. જે તહેવારોમાં બી.પી.એલ., અંત્યોદય કુટુંબો માટે વિતરણ કરવામાં આવશે. આ ઉપરાંત ખાદ્યતેલના ભાવોના અનુસંધાને વધારાનો ૬૦૦૦ મે.ટન જથ્થો પણ ખરીદવાનો રાજ્ય સરકારે નિર્ણય લીધો છે. જે તહેવારો સિવાય પણ જરૂરીયાત પ્રમાણે ગરીબ કુટુંબોને વિતરણ કરવામાં આવશે. આગામી ઉનાળાના સમયમાં ઉનાળુ મગફળીનું વાવેતર ઘણું સારૂ થયું છે. અને તેનું દોઢ બે માસમાં સારૂ ઉત્પાદન મળશે તેના થકી ચોક્કસ તેલના ભાવો ઘટશે તેવો મને વિશ્વાસ છે.

## કંપની સમાચાર

### સ્નેક્સ ભી, બેકડ ભી

### બ્રિટાનિયા ૫૦-૫૦ સ્નેકુટ્સ : ગિલ્ટ ફ્રી સ્નેકિંગ અને અમર્યાદિત મોજનો પરવાનો

શું તમે કુટુંબના નિત્યક્રમ અને જવાબદારીઓથી કંટાળી ગયા છો ? તો હવે પોતાને માટે થોડો સમય કાઢો ! તમારા રોજિંદા ઘટનાક્રમના ચક્રમાંથી બ્રેક લઈને નોખી મોજ લેવા માટે હેપ્પી સ્નેક તમારી સમક્ષ હાજર છે. તો તમે એકદમ નિશ્ચિંત બની જાઓ અને તમારી મોજીલી બાજુનો પરિચય પણ આ સાથે લોકોને થવા દો. તમારી ગર્લ ગેન્ગ સાથે હરવા ફરવા અને ગોસિપ કરવા સાથે સ્નેકુટ્સ તમને તમારી મોજીલી બાજુ બતાવવાનો અને જૂની ઘરેડમાંથી બહાર આવવાનો પરવાનો આપે છે!

બ્રિટાનિયા રજૂ કરે છે ૫૦-૫૦ સ્નેકુટ્સ જે આધુનિક દિવસોની હોમમેકરોને ગિલ્ટ- ફ્રી સ્નેકિંગનો વિકલ્પ આપે છે, કારણ કે તે બેકડ છે અને તેમાં કોલેસ્ટરોલ, એમએસજી, ટ્રાન્સ ફેટ અને તેલ પર પણ કાપ મુકાયો છે.

### એચડીએફસી બેન્કે અમદાવાદ કલેકટર્સ ઓફિસમાં પ્રથમ બ્રાન્ચનો આરંભ કર્યો

એચડીએફસી બેન્કે અમદાવાદમાં આરટીઓ સરકલ પાસે જિલ્લા સેવા સદનમાં કલેકટર ઓફિસના પટાંગણમાં સંપૂર્ણ બ્રાન્ચનો આરંભ કર્યો છે. અમદાવાદ જિલ્લાના મેજિસ્ટ્રેટ અને કલેકટરશ્રી વિજય નહેરાએ આ બ્રાન્ચનું ઉદ્ઘાટન કર્યું હતું. આ બ્રાન્ચ સાથે ગુજરાત રાજયમાં એચડીએફસી બેન્કની કુલ ૨૦૯ બ્રાન્ચ થઈ છે.


એચડીએફસી બેન્કની નવી બ્રાન્ચ ગ્રાહકોને વિશ્વકક્ષાની બેન્કીંગ સેવાઓ એક જ છત્ર નીચે ઉપલબ્ધ બનશે. જેમાં સેવિંગ્સ એકાઉન્ટ, ફિકસ્ડ ડિપોઝિટ્સ, કરન્ટ એકાઉન્ટસ મ્યુચ્યુઅલ ફંડસ, ઈન્સ્યોરન્સ, ટુ-વ્હીલર લોન, ઓટો લોન, એટીએમ, ફોન બેન્કીંગ, નેટ બેન્કીંગ, આંતર રાષ્ટ્રીય ક્રેડીટ કાર્ડસ જેવી સુવિધાઓ ઉપલબ્ધ બનશે. એચડીએફસી બેન્કના સિનિયર એક્ઝિક્યુટિવ વાઈસ પ્રેસિડન્ટશ્રી રવિ નારાયણને જણાવ્યું હતું કે, 'આ બ્રાન્ચ સાથે અમે અમદાવાદમાં અમારી હાજરીને વધુ દ્રઢ બનાવી છે અમને અમદાવાદમાં નાગરિકો સમક્ષ વિશ્વકક્ષાની સેવાઓ રજૂ કરતા આનંદ થાય છે.'

### એક વર્ષમાં ૧૨૫ નેનો કાર ભેટ આપી રાજાણીએ માર્કેટીંગમાં નવી કેડી કંડારી

રાજાણી ચા દ્વારા સૌરાષ્ટ્ર, ગુજરાત અને બીજા રાજ્યોમાં જાણીતા ગૃપે ૧૨૫ નેનો કાર ઈનામમાં આપી માર્કેટીંગના ફિલ્ડમાં એક નવી કેડીનું નિર્માણ કર્યું છે. અમદાવાદમાં આ રવિવારે યોજાયેલા ડ્રો માં પ્રથમ ઈનામમાં એકસો પચ્ચીસમી નેનો કાર ભેટ આપી તેમ જ અમદાવાદના બાકીના ૩૨૯૯ કુપન ધારકોને દરેકને વિવિધ ઈનામો આપી વેપારી જગતમાં મોટો ચમત્કાર સર્જવામાં આ ગૃપે સફળતા મેળવી છે.

સરસ મજાની ચા ઉપરાંત અગરબત્તી, હળદર, મરચું, ધાણાજીરૂ, ગરમ મસાલો અને ચાનો મસાલો તૈયાર કરી માર્કેટમાં લોકપ્રિય નામ ધરાવતા રાજાણી ગૃપ દ્વારા ટુંક સમયમાં હીંગ, પાપડ અને કોકોનટ ઓઈલ બજારમાં મુકવામાં આવનાર છે. સુરતમાં ૪૦૦૦ કુપન ધારકો માટે ગયા શનિવારે સુરતમાં જ ડ્રો કરી ૧૨૪મી નેનો કાર પ્રથમ ઈનામમાં આપી હતી અને બાકીના દરેક કુપન ધારકને ઓછામાં ઓછા ૫૦૦ રૂપિયા અથવા તેનાથી વધારે રકમના ઈનામો આપેલ હતા.

## શબ્દાવલી - ૪૬૯૧



**આડી ચાવી**

૧. બેશક, કોઈ શક વગર (૪)
૩. શ્રીલંકા (૩)
૬. હિંસક પ્રાણી, ટાઇગર (૨)
૭. જામીનગીરી (૪)
૮. લાગવગીયુ (૪)
૧૦. સંગ્રામ, યુધ્ધ (૨)
૧૧. ડાભડો, એક પ્રકારનું ઘાસ (૨)
૧૩. વ્હીકલ (૩)
૧૪. ફળનું ઝૂમખું (૨)
૧૬. સોજી-જેનો શીરો બને (૨)
૧૮. રદ, બાતલ (૩)
૨૦. ડોકુ, કાઢવુ (૩)
૨૧. ખરાબ ચાલ-ચલન વાળુ (૫)

**ઊભી ચાવી**

૧. પતિ મરી ગયો હોય તેવી સ્ત્રી (૨)
૨. લઘુતાગ્રંથિ (૫)
૩. સિમાડો, બોર્ડર (૨)
૪. પૈસાની મદદ (૨)
૫. નીચા માથે, નમેલુ (૫)
૬. એક ફળ (૪)
૯. ઊંડુ (૩)
૧૦. લગ્ન (૩)
૧૨. એક રમકડું, ગરિયો (૪)
૧૫. અસફળનું વિરોધી (૩)
૧૭. નાનો વહેળો, નાળુ (૩)
૧૮. હર્ષ, આનંદ, ખુશાલી (૨)
૧૯. જવું તે, ચાલવું (૨)

### શબ્દાવલી ૪૬૯૦ના જવાબ

**આડી ચાવી :-** (૧) પરસેવો (૪) પતન (૬) સસલું (૭) કદ (૮) બોલાચાલી (૧૦) વૉલીબૉલ (૧૩) પગલાં (૧૫) પડકુ (૧૬) લત (૧૭) કણકી (૧૮) ખપ (૨૦) ખાતર (૨૧) જીરવવું (૨૨) તરત

**ઊભી ચાવી :-** (૧) પસતાવો (૨) રસ (૩) સેલુ (૪) પદચાપ (૫) નટ (૭) કલા (૮) બોલકુ (૯) લીગલ (૧૧) લીપણ (૧૨) બોડકી (૧૪) લાતમલાત (૧૭) કણજી (૧૮) ખત (૧૯) પરત (૨૦) ખાવુ

# ગુજરાતના 'ન્યુ સિટી ડેવલપમેન્ટ વિઝન'થી સિંગાપુર ડેલીગેશન અત્યંત પ્રભાવિત

ગાંધીનગર, તા. ૫

મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની સૌજન્ય મુલાકાતે આવેલી સિંગાપોરની સિંગબ્રીજ ઈન્ટરનેશનલ કંપનીના (SINGBRIDGE INTERNATIONALS) અધ્યક્ષ શ્રીયુત ફીલીપ યેવ (Mr. PHILIP YEO)ના નેતૃત્વમાં આવેલા સિંગાપોર સરકાર અને સહયોગી ઔદ્યોગિક એકમોના ડેલીગેશને ગુજરાતના નવા આધુનિક શહેરોના નિર્માણ સંદર્ભમાં ન્યુ ટાઉનશીપ પ્રોજેકટ વિકસાવવાની તત્પરતા વ્યકત કરી હતી.

મુખ્ય મંત્રીશ્રી સમક્ષ સિંગબ્રીજ ઈન્ટરનેશનલ કંપનીએ ટાઉનશીપ કન્સ્ટ્રકશન અંગેનું નિદર્શન પ્રસ્તુત કર્યું હતું. ગુજરાતમાં દિલ્હી-મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર (DMIC), ધોલેરા સ્ત્ર, ગ્જ્વ્સીટી, સાબરમતી રિવરફ્રંટ પ્રોજેકટ અને માંડલ બેચરાજી સ્ત્ર સહિતના નવવિકસીત ક્ષેત્રોની મુલાકાત લઈને આવેલા સિંગબ્રીજ ઈન્ટરનેશનલના ડેલીગેશને ગુજરાતમાં ન્યુસીટી ટાઉનશીપના નિર્માણ માટેના મુખ્ય મંત્રીશ્રીના દ્રષ્ટિવંત આયોજનની પ્રસંશા કરી હતી.

મુખ્ય મંત્રીશ્રીએ ધોલેરા સ્ત્ર અને માંડલ બેચરાજી સ્ત્ર અંગે કંપનીએ દાખવેલા વિશેષ રસને ધ્યાનમાં લઈને ટેકનીકલ ગ્રૂપ દ્વારા પ્રોજેકટ પ્રપોઝલના અભ્યાસ માટે રાજ્ય સરકાર સહયોગ પૂરો પાડશે એમ પણ જણાવ્યું હતું.

આ પ્રસંગે ઉદ્યોગ અગ્ર સચિવ શ્રી એમ. શાહુ, મુખ્ય મંત્રીશ્રીના સચિવ શ્રી એ. કે. શર્મા સહિતના રાજ્ય સરકારના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત હતા.

# અમદાવાદ આંતરરાષ્ટ્રીય વિમાનીમથક પર ઈમીગ્રેશનની કામગીરી સેન્ટ્રલ આઈ.બી.ને સોંપવામાં આવી

ગાંધીનગર, તા.૫

અમદાવાદ આંતરરાષ્ટ્રીય વિમાની મથકે ઈમીગ્રેશનની કામગીરી કેન્દ્રીય ગુપ્તચર સંસ્થા (સેન્ટ્રલ આઈ.બી.)ને સોંપી દેવામાં આવતાં હાલ ડેપ્યુટેશન પર સ્થાનિક પોલીસ અધિકારીઓને લઈને આ કામગીરી સંભાળવામાં આવી રહી છે.

ગૃહ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ દેશમાં મુંબઈ, દિલ્હી, બેંગ્લોર, કોલકત્તા સહીત વિવિધ રાજયમાં આવેલ આંતરરાષ્ટ્રીય વિમાની મથકો પર ઈમીગ્રેશનની કામગીરી સેન્ટ્રલ આઈ.બી.ને સોંપવામાં આવેલી છે.

ગુજરાતમાં અમદાવાદ ખાતે આવેલ સરદાર પટેલ આંતરરાષ્ટ્રીય વિમાની મથક ખાતે ઈમીગ્રેશનની કામગીરી સ્થાનિક પોલીસને સોંપવામાં આવેલી હતી. કેન્દ્રીય આઈ.બી. પાસે પૂરતો સ્ટાફ તેમજ અન્ય આંતરમાળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ ન હોવાને કારણે અમદાવાદ આંતરરાષ્ટ્રીય વિમાની મથકે ઈમીગ્રેશનની કામગીરી સોંપવામાં આવી ન હતી.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ સેન્ટ્રલ આઈ.બી.ને અમદાવાદ આંતરરાષ્ટ્રીય વિમાની મથકે ઈમીગ્રેશનની કામગીરી પોલીસ પાસેથી લઈને તબદીલ કરી દેવામાં આવી છે. જો કે સેન્ટ્રલ આઈ.બી. પાસે પૂરતો સ્ટાફ ઉપલબ્ધ નહીં હોવાને કારણે હાલ થોડો સ્ટાફ પોલીસમાંથી ડેપ્યુટેશન પર ફાળવવામાં આવશે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ વિમાની મથકે ઈમીગ્રેશનની કામગીરી સેન્ટ્રલ આઈ.બી.ને સોંપવા અંગેનું નોટીફીકેશન ગૃહ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવ્યું છે અને ૧લી એપ્રીલથી આ કામગીરી સેન્ટ્રલ આઈબીને સોંપી દેવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જ ગુજરાત સહીત દેશના કેટલાક રાજયોમાં બનાવટી પાસપોર્ટના આધારે વિદેશ મોકલવાની ઘટનાઓ પ્રકાશમાં આવવા પામી હતી. આથી આ ઘટનાઓને ધ્યાને રાખીને આવા બનાવો બનતા અટકાવવા માટે અમદાવાદ ખાતે આવેલ સરદાર પટેલ આંતરરાષ્ટ્રીય વિમની મથકે ઈમીગ્રેશનની કામગીરી સેન્ટ્રલ આઈ.બી.ને સોંપી દેવામાં આવી છૌ.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ સેન્ટ્રલ આઈ.બી. દ્વારા અમદાવાદ આંતરરાષ્ટ્રીય વિમાની મથકે ઈમીગ્રેશનની કામગીરી માટે જરુરી તમામ આંતરમાળખાકીય સુવિધાઓ ઉભી કરી દેવામાં આવી છે.

# રાજકોટ ખાતેથી આજે કિસાન હિત યાત્રાનો પ્રારંભ થશે : તમામ વિધાનસભા મત વિસ્તારમાં ફરશે

ગાંધીનગર, તા. ૫

ગુજરાત ભાજપ દ્વારા આવતીકાલથી કિસાન હિત યાત્રાનો રાજકોટથી મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી પ્રારંભ કરાવશે. આ યાત્રા ૧૮૨ વિધાનસભા મત વિસ્તારમાં ફરશે.

કેન્દ્ર સરકાર દ્વારા ખેડૂતોને અન્યાયકર્તા કરવામાં આવતા નિર્ણયો અને ખેડૂત વિરોધી નિતીઓને ઉજાગર કરવા માટે ગુજરાત ભાજપ દ્વારા ખેડૂતોના પ્રશ્નોને વાચા આપવા માટે કિસાન હિત યાત્રા કાઢવાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો હતો. જેના ભાગરૂપે આવતીકાલે રાજકોટ ખાતેથી કિસાન હીત યાત્રાનો પ્રારંભ થનાર છે. આ પ્રસંગે રાજકોટ ખાતે એક વિશાળ ખેડૂત સંમેલન યોજવામાં આવનાર છે. જેને ગુજરાતના મુખ્યમંત્રી સંબોધશે અને ત્યારબાદ કિસાન હિત યાત્રાને ઝંડી બતાવીને પ્રસ્થાન કરાવશે.

રાજકોટ ખાતેથી આવતીકાલે નીકળનારી કિસાન હિત યાત્રા પ્રદેશ ભાજપ અધ્યક્ષ આર.સી. ફળદુના નેતૃત્વમાં નિકળશે અને રોજ પાંચ વિધાનસભા મતવિસ્તારમાં ફરી અને ખેડૂત સંમેલનો કરી કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતના ખેડૂતોને કરવામાં આવતા અન્યાયોને છતી કરવામાં આવશે એટલું જ નહી કેન્દ્રની ખેડૂત વિરોધી નિતી સામે પણ રોષ વ્યક્ત કરવામાં આવશે.

આવતીકાલથી શરૂ થનારી કિસાન હિતયાત્રા આગામી ૨૬મી એપ્રિલ સુધી રાજયના તમામ જિલ્લાઓ અને તાલુકાઓમાંથી પસાર થશે. જે જિલ્લામાં આ યાત્રા પહોંચશે ત્યાં ખેડૂત આગેવાનો, જિલ્લા ભાજપના આગેવાનો, ધારાસભ્યો આ યાત્રાનું સ્વાગત કરશે.

### મોદી ટોપ પર

● અનુસંધાન પહેલાનું ચાલુ

ક્રમાકે પોતાના ઈન્ટરનેટના ફ્રન્ટ પેજ કહેનાર રેડીટના જનરલ મેનેજર એરીક માર્ટીન પોતે છે. તેમની તરફેણમાં ૧૨૪૮૯૮ યસ અને ૪૨૫૬૦ નોના મત પડ્યા છે. પાકિસ્તાનના પૂર્વ ક્રિકેટર અને નેતા ઈમરાન ખાન આ યાદીમાં ચોથા સ્થાને છે. અસગર ફરાદી ત્રીજા ક્રમાંકે છે. કોંગ્રેસની મોદીની પ્રશંસાથી ઉંઘ હરામ થઈ ગઈ છે. મોદી ઉપરાંત આ યાદીમાં ભારત તરફથી વિદ્યા બાલન, સલમાન ખાન, નીતિશ કુમાર, અણણા હજાર, સચિન તેંડુલકર પણ સામેલ છે. આ પોલ આવતી કાલે છઠ્ઠી એપ્રિલ સુધી ચાલશે. યાદીમાં રહેલા ટોપટેનમાં લિયોનેલ મેસ્સી, બશર અસાદ, સૂકી, આદેલ, ટીનોથી ડોલાનનો સમાવેશ થાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે થોડાક વર્ષો પહેલા બીબીસી દ્વારા સૌથી પ્રભાવશાળી નેતા ચૂટી કાઢવા માટે ઓનલાઈન પોલની પ્રક્રિયા હાથ ધરી હતી જેમાં અટલ બિહારી વાજપાઈ ઈન્દિરા ગાંધીને પાછળ છોડી દીધા હતા.

# મોતીપુરા વિસ્તારમાં ખેડૂતને ગડદા પાટુ મારી ૧૦ હજારની લૂંટ

હિંમતનગર, તા.૫

હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં ગત રોજ બપોરે એક ખેડૂતને જાહેરમાં ગડદા પાટુનો માર મારી બે ઈસમોએ ૧૦ હજારની રોકડ રકમની લૂંટ ચલાવી હતી. જેમાંથી એક ઈસમ ઝડપાઈ ગયો હતો. જયારે અન્ય એક ઈસમ ૧૦ હજારની રોકડ લઈ ફરાર થઈ ગયો હતો. આ અંગે ખેડૂતની ફરિયાદના આધારે હિંમતનગર ટાઉન પોલીસે ફરિયાદ નોંધી ફરાર ઈસમને શોધવા તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર વિજયનગર તાલુકાના ગાડી ગામના ખેડુત દશરથભાઈ ચુનીલાલ કટારા અને તેમના ભાઈ અશ્વિનભાઈ કટારા બંને ગુરુવારે સવારના સમયે ગાડી ગામેથી પોતાનું જે.સી.બી. મશીન લઈ રીપેરીંગ કરાવવા હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં આવ્યા હતા. દરમિયાન બંને ભાઈ રીપેરીંગનો માલસામાન લેવા માટ રૂ. ૧૦ હજાર પર્સમાં લઈને મોતીપુરા ખાતે આવેલા પરંતુ દુકાન બંધ હોવાથી મોતીપુરા એસ.ટી. મથકે દુકાનદારની રાહ જોઈ રહ્યા હતા ત્યારે મોતીપુરા વિસ્તારના સલાટવાસમાં રહેતા નરેશભાઈ રાણાભાઈ વાઘેલા અને ભગાભાઈ કિશનભાઈ સલાટ દશરથભાઈ કટારા પાસે આવ્યા હતા અને તેમને કહ્યું હતું કે તમે કયાંના છો? કયાંથી આવ્યા છો? તેમ કહી દશરથભાઈને જાહેરમાં ગડદા પાટુનો માર મારી નીચે પાડી દઈ કાળા કલરના પર્સમાંથી ૧૦ હજારની રોકડ રકમની લૂંટ કરી ભાગી રહ્યા હતા. દરમિયાન બુમાબુમ થતા આજુબાજુના લોકો દોડી આવ્યા હતા અને બે લૂંટારૂંઓ પૈકીના એક નરેશ વાઘેલાને લોકોએ પકડી પાડયો હતો જયારે અન્ય એક લૂંટ ચલાવનાર શખ્સ ૧૦ હજારની રોકડ લઈ નાસી છૂટવામાં સફળ રહ્યો હતો.

આ બનાવ અંગે ગાડી ગામના ખેડૂત દશરથભાઈ કટારા પકડાયેલા શખ્સ નરેશ વાઘેલાને લઈ હિંમતનગર ટાઉન પોલીસ મથકે આવ્યા હતા અને પોલીસને સોંપ્યો હતો. પોલીસે આ બંને વિરુધ્ધ લુંટનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## સમાચાર ઝલક

- વડોદરામાં એટીએમમાંથી માતાના નાણાં ઉપાડી પુત્રીએ ઠગાઈ કરી.
- હાંસોટમાં એક જ કોમના બે જૂથો વચ્ચે પુનઃધીંગાણું.
- સોનવાડી પાસે અંબિકા નદીમાં બે બાળકોના ડૂબી જવાથી મોત.
- સુરતમાં સ્ટીયરીંગ લોક થતાં કાર બી.આર.ટી.એસ.ના ખાડામાં પલ્ટી ખાઈ ગઈ, આઠને ઈજા.
- ગોડધા ગામે દીપડાએ દિવસે દેખા દેતા ભયનો માહોલ.
- નરસંડામાં કિશોરીની શારીરિક છેડછાડ કર્યા બાદ જાનથી મારી નાંખવાની ધમકી આપતા ફરિયાદ.
- એપીએમસીના ચેરમેનને માટી પુરાણ મામલે ૧૧ લાખના દંડની નોટીસ.
- એકસપ્રેસ વે પર બસમાંથી ફંગોળાયેલા આધેડનું મોત.
- જામનગરમાં એડમીશનના બહાને પોલીસમેને ૩.૫૦ લાખ ચાઉં કર્યા.
- રાજકોટમાં વધુ એક પ્રૌઢને સ્વાઈનફ્લુ હોવાનો રીપોર્ટ.
- ઉનાના ગામડાઓમાં લાયન શો દરરોજ યોજાય છે.
- સાવકુંડલામાં ઘરમાં ઘુસેલા દીપડાએ ફફડાટ સર્જયો.
- બહુચરાજીમાં ચૈત્રી મેળાનો પ્રારંભ : ૫૦ હજાર શ્રધ્ધાળુઓએ દર્શન કર્યા.
- ઉમતા મોત લૂંટ કેસમાં ફરાર ટોળકીને પકડવા પોલીસ મથુરા જવા રવાના.
- હારીજની જિનિંગમાં શોર્ટ સર્કીટથી આગ લાગતા રૂનો જથ્થો ખાખ.
- પાલનપુરમાંથી ૧૦ વર્ષનો બાળક રહસ્યમય રીતે ગુમ થતાં દોડધામ.
- ભોંયણમાં જમીનના કબજા બાબતે ધિંગાણું : સાત ઘાયલ.
- માધાપરમાં પુરુષની કોહવાયેલી લાશ મળી, હત્યા થઈ હોવાની શંકા.
- જખૌના દરિયે કોડનેમ સાથે ઘૂસેલા છ આતંકીઓ ઝડપાયા.

### ધ કોફી હાઉસ (પાના નં. ૪ નું ચાલુ)

એ સ્યાહ રાત... ખરેખર અંધારી હતી!
અંધારી હતી... એ સ્યાહ રાત!
પછી...
પછી... બીજી સવારે!!

છૂપાયેલા લોકો બહાર આવ્યા... લાશોને ગણવા! લાશોને ઓળખવા!! છૂપાયેલાં લોકો બહાર આવ્યા! મુખૌટાઓમાં પોતાને સંતાડીને...

અને...
અને... આશ્ચર્ય!

જયાં ગઈ કાલ સુધી લોહીની ચાદર ફેલાયેલી હતી, ત્યાં લીલા પાનવાળા ચમકદાર છોડ ઊગી નીકળ્યા હતા... જેના પર લાલ રંગનાં ફૂલ ઊગ્યા હતા... લાલ રંગનાં ફૂલ... સિયાયુષનાં ચળકતા લોહી જેવા લાલ... શહાદત પામેલાં લોકોનાં લોહી જેવા લાલ! હવામાં એક તાજગી હતી... મૌસમમાં કોઈ જાદુ હતો! કોઈ ઘાયલે એક પાન તોડીને ખાધું અને એના ઘાવ મટી ગયા...

અને પછી બધાયે એ નવા ઊગેલાં છોડનાં પાન ખાધાં... એ જાદુઈ છોડનાં પાન... અને,

ફરીથી ઉર્જાનો ઉદ્ભવ થયો...
ક્રાંતિની મશાલ ફરી સળગી...
ડરપોક નિર્ભય બની ગયા...
નિર્બળ તાકતવર બની ગયા!
આશાનું એક નવું કિરણ ફૂટી નીકળ્યું હતું...
હવે ત્યાં અભય હતો...
હવે ત્યાં ફરી એકવાર સપનાં જોવામાં આવ્યાં...
હવે ત્યાં જિંદગી હતી... ફરી એકવાર!!
સિયાયુષ... મર્યો નહોતો!!

- ch9723367947@yahoo.com

### ખજાનો (પાના નં. ૪ નું ચાલુ)

જવાબ - રાવી નદી
(૨) ઋત્વા એ. શાહ : સે-૨૦થી
પ્રશ્ન - ઓસ્ટ્રેલિયાનું સૌથી મોટું અને જૂનું શહેર કયું છે?
જવાબ - સિડની
(૩) ધાર્મિક. એસ. પટેલ : સે-૨૦થી
પ્રશ્ન - લુમ્બિની કયાં આવેલું છે? અને શા માટે જાણીતું છે?
જવાબ - નેપાળમાં આવેલ સ્થળ જયાં ભગવાન બુધ્ધનો જન્મ થયો હતો.
(૪) પટેલ નિલય. એન : સે-૨૪થી
પ્રશ્ન - લેસરના શોધક કોણ હતા?
જવાબ - અમેરિકાના વૈજ્ઞાનિક ગોર્ડન ગ્લોલ્ફ્ડ ૧૯૫૭માં શોધ કરી.
(૫) વાઘેલા ઋતુરાજ એચ. : સે-૨૮થી
પ્રશ્ન - અન્તારા કયા દેશની સમાચાર સંસ્થા છે?
જવાબ - ઇન્ડોનેશિયા

**આ સપ્તાહનો સવાલ...?**

તાજેતરમાં કયા આતંકવાદી માટે અમેરિકાએ ૫૧ કરોડનું ઇનામ જાહેર કર્યું?

**સાચા જવાબો :**

[illegible]